“જય આદિવાસી“ www.adivikas.com (coming Soon) “જય જોહાર“

# આદિવાસી પરિવારમાં આપનું સ્વાગત છે

અમારી યુવા ટીમ દ્વારા રાજ્યના આદિવાસી સમાજની સંસ્કૃતિ, રીતિ રિવાજો,રૂઢિ,રહેણી-કહેણી,પૂર્વ-ઇતિહાસ,પરંપરા,આદિવાસી સમાજના હકો-અધિકારો, ધંધો-રોજગાર ,શિક્ષણ તથા સમાજ દ્વારા કરવામાં આવતા અભિયાનો, સમાજના તલસ્પર્શી મુદ્દાઓ અને આપણી આઝાદીની લડતમાં યોગદાન /ભૂમિકાને આવરી લે તેવી તથા સરકાર તરફથી મળતા આદિજાતિ-લાભો ની માહિતીસભર વેબસાઇટ બનાવવાનો નિર્ધાર કરેલ છે અને તે દિશામાં કામગીરી પણ શરૂ કરી દીધેલ છે ....

# આદિવાસી સમાજ માટેની સંપૂર્ણ માહિતી

- આદિવાસી સમાજનો કોઈપણ નાગરિક આ વેબસાઈટ સાથે વિના મુલ્યે જોડાઈ શકે છે. અને અને પોતાના સમાજ પ્રત્યેની ભાવના વ્યક્ત કરી શકે છે
- આ વેબસાઈટ ના માધ્યમથી આદિવાસી સમાજના દરેક વ્યક્તિ કે જે ગુજરાતમાં જુદી જુદી જગ્યાએ પોતાની ફરજ નિભાવે છે તેઓની માહિતી મળી શકશે. જેનાથી સમાજના દરેક વ્યક્તિ સાથે સંપર્ક મેળવી શકાશે તેમજ આપણા સમાજની એકતા મજબુત થશે .
- આ વેબસાઈટના પોર્ટલમાં દરેક નોકરિયાત વર્ગ માટે એક રજીસ્ટ્રેશન ફોર્મ છે જે ભરવાથી આખા ગુજરાતના દરેક નોકરિયાત વર્ગની યાદી વિગતવાર જાણી શકાશે, જેનો ઉપયોગ સામજિક કાર્યો તેમજ જરૂરિયાત મુજબ દરેક વ્યક્તિનો સંપર્ક કરી સમાજ સંદેશ મોકલી શકાશે. જેથી દરેક વ્યક્તિ આદિવાસી પરિવાર સાથે જોડાયેલો રહે
- ગુજરાતના દરેક આદિવાસી સામજિક ટ્રસ્ટો/સામજિક સંસ્થાઓ નુ પણ રજીસ્ટ્રેશન આ પોર્ટલ માં થઇ શકશે, જેનાથી અમો એ સંસ્થા દ્વારા કરવામાં આવતા દરેક કાર્યો ની જાણકારી, સંસ્થાઓ દ્વારા સમાજને આપવામાં આવતા સંદેશો આ વેબસાઈટ ના માધ્યમથી દરેક આદિવાસી ભાઈ બહેનોને પ્રચલિત કરીશું, જેથી દરેક સંસ્થા દ્વારા કરવામાં આવતા કાર્યોને વધુ વેગ મળી શકે.
- આ વેબસાઈટ માં શિક્ષણ ને લગતી તમામ વિગતો મુકવામાં આવશે જેનાથી ભણતર અંગે યોગ્ય માર્ગદર્શન મળી શકે, શિક્ષણ વર્ગ માટે આદિવાસી સમાજના દરેક શિક્ષકો ખુબ જ પ્રયત્નશીલ હોય છે આવા દરેક શિક્ષકો આ વેબસાઈટમાં જોડાઈ શિક્ષણ જગતને આગળ ધપાવવા આદિવાસી સમાજના વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરી શકે તે પ્રમાણેની ઓનલાઈન વ્યવસ્થા કરવામાં આવેલ છે
- જે લોકો ભણતર પૂર્ણ કર્યા બાદ રોજગાર માટે પ્રયત્નશીલ છે તેઓ માટે આ વેબસાઈટ મારફત ઈ-મેઈલ ,મેસેજ અને વોટ્સએપ ના માધ્યમથી જરૂરી માર્ગદર્શિત કરવામાં આવશે જેમાં આપણા સમાજના જે વ્યક્તિઓ જુદા જુદા વિભાગોમાં નોકરી કરે છે તેવા સલગ્ન અધિકારી કર્મચારી સાથે વિચાર-વિમર્શ કરી

જરૂરી માર્ગદર્શન રોજગાર માટે વેબસાઈટમાં મુકવામાં આવશે, જેનાથી આપણા સમાજ જાણી શકશે કે બહાર પાડવામાં આવેલ કોઈપણ સરકારી નોકરી અંગેની જાહેરાત માટે કેવી રીતે તૈયારી કરી શકાય અને કયા વિષય માં ભાર મૂકી શકાય,તેમજ દરેક ક્ષેત્રોમાં પડતી અલગ અલગ જાહેરાતો કે જે દરેક વ્યક્તિ સુધી પહોચતી નથી માટે તેના ફોર્મ અને ઓનલાઈન લીંકો આ વેબસાઈટમાં પ્રચલિત કરવામાં આવશે તેમજ મેસેજ, ઈ-મેઈલ દ્વારા જાણ કરવામાં આવશે.

- દરેક જાહેરાતોના ફોર્મ અને ઓનલાઈન અરજી માટેની લીંક મુકવામાં આવશે.
- સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવતી તમામ યોજનાઓ અંગે વિગતવાર માહિતી આ વેબસાઈટમાં માર્ગદર્શિત કરવામાં આવશે જે અંગે દરેક પ્રકારના ફોર્મ આ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે.
- આપણા સમાજના ખેડૂતો માટે ખેતી વિષયક માહિતી પૂરી પાડવામાં આવશે,તેમજ સરકારશ્રી તરફથી મળતી સહાયો, લાભો અને તેને લગતા દરેલ ફોર્મ આ વેબસાઈટ પરથી મેળવી શકાશે. તેમજ જે ખેડૂતો આ વિષયમાં પારંગત છે અને સુગડ ખેતી કરી ઘણા વર્ષોથી ખુબ આગળ છે તેવા ખેડૂતોનું માર્ગદર્શન અને તેઓ દ્વારા વર્ષોથી કરવામાં આવેલ મહેનત અંગે વિશેષમાં ફોટાઓ, અને વિડીઓ દ્વારા માર્ગદર્શન કરવામાં આવશે.
- આપણા સમાજના ઘણા માણસો વર્ષોથી પોતાના વતનથી દુર નોકરી-ધંધા અર્થે બહારગામ રહે છે જેનાથી નવી પેઢીમાં સામાજિક રીતી-રીવાજો આપણી સંસ્કૃતિ વિષે પુરતું જ્ઞાન જોવા મળતું નથી જેને ધ્યાનમાં લઇ આદિવાસી સમાજના રીતી-રીવાજો અને સંસ્કૃતિ વિષે સવિસ્તાર માહિતી, તે અંગેના ફોટો,લખાણ અને વિડીઓ પ્રચલિત કરવામાં આવશે, જેમાં લગ્નપ્રસંગ ના રીવાજો, મરણ પ્રસંગના રીવાજો તેમજ આપણા તહેવારોમાં થતા દરેક કાર્યો વિષે સવિસ્તાર માહિતી મુકવામાં આવશે જેનાથી નવી પેઢી આદિવાસી સમાજ પ્રત્યે એકજુથ થઇ પ્રેમ અને સમર્પણની ભાવના સાથે સમાજને  આગળ લાવવા નવતર પ્રયત્નો કરે અને સમાજને જાણી શકે.
- સમાજમાં જે લોકો ધંધો-રોજગાર કરે છે તે માટે વેબસાઈટમાં એક પોર્ટલ ધંધા-રોજગાર માટે છે જેમાં નોંધણી કરી જોડાવાથી આપણા સમાજનો દરેક નાગરિક ગુજરાતના દરેક જીલ્લાના કોઈપણ તાલુકામાં ધંધો રોજગાર કરતો હશે તો તેની માહિતી  તેઓના ફોટા, મોબાઈલ નંબર અને સરનામાં સાથે જાણી શકાશે ,જેનાથી નીચેના લાભો થશે.

- આપડે જાણી શકીશું કે આદિવાસી સમાજના જે વ્યક્તિઓ ધંધો-રોજગાર કરે છે તે ક્યા છે અને શેનો વ્યાપાર-ધંધો કરે છે
- આપડી રોજીંદી જીવન-જરૂરિયાત વસ્તુ અને લોકલ સર્વિસ માટે  આ વેબસાઈટના માધ્યમથી જોડાયેલા આપણા સમાજના વેપારીઓ,ધંધાર્થીઓ પાસેથી ખરીદવી જેથી આપડો સમાજ આર્થિક રીતે મજબુત બની શકે  અને તે આવનારા સમયમાં સમાજને મદદરૂપ થઇ શકે.

દા.ત

જો કોઈ વ્યક્તિને કરીયાણા નો સામાન ખરીદવો હોય તો તે વ્યક્તિ વેબસાઈટમાં મોબાઈલ મારફત માત્ર જે તે તાલુકો સિલેક્ટ કરી જાણી શકશે કે આપણા સમાજના માણસો દ્વારા કરીયાણા ની દુકાન ક્યાં કરેલ છે અને તેનો સીધો સંપર્ક કરી ત્યાંથી માલસામન ખરીદીશકશે,આવી અનેક જરૂરિયાતો જેમકે મંડપ સર્વિસ, ભાડે વાહન , કપડા અંગેની દુકાનો વીગેરે.......જેનાથી આપણા સમાજનો વ્યાપાર ધંધો રોજગાર આગળ આવી શકે.

- આ બાબતે દરેક વેપારીઓ,ધંધાર્થીઓને આ વેબસાઈટમાં જોડવા માટે અનુરોધ કરવા આપ-સૌને વિનંતી છે

❖ વિશેષમાં જણાવવાનું કે સમાજ દ્વારા કરવામાં આવતા આદિવાસી સમાજના દરેક અભિયાનો વિષે દરેક નાગરિકોને માહિતગાર કરવામાં આવશે. તે અંગેના ફોટો વિડીઓ અને લખાણો વિષે વિસ્તારપૂર્વક માહિતી પ્રચલિત કરવામાં આવશે.

❖ આપણા સમાજમાં ઘણા ઉત્કૃષ્ટ સેવાભાવી મહાનુભાવો સમાજની સેવાભાવી કાર્યોમાં વર્ષોથી જોડાયેલ છે તેઓ સમાજને આગળ લાવવા માટે વર્ષોથી પ્રયત્નશીલ છે અને હાલમાં પણ કાર્યશીલ છે. આવા દરેક મહાનુભાવો ના કામો અને તેમને સમાજ માટે કરેલા કાર્યો વિષે માહિતી તેઓના ફોટા સાથે સવિસ્તાર જણાવવામાં આવશે,

❖ નવી પેઢી એ જાણી શકે કે આપડા સમાજને આગળ લાવવા શું શું કાર્યો કરવામાં આવે છે અને તેઓ આ સામજિક કાર્યોમાં જોડાઈ આ અભિયાનને વધી આગળ લાવવા માહિતગાર થાય

❖ આ વેબસાઈટનો એકમાત્ર ધ્યેય એ છે કે આદિવાસી સમાજનો દરેક વ્યક્તિ એકબીજાને મદદરૂપ થાય અને સમાજનું સંગઠણ મજબુત બને, સમાજને આગળ લાવવા વધુમાં વધુ માર્ગદર્શન આપી શકાય અને આવનારી પેઢી આપડી સંસ્કૃતિ ને જાણી શકે સમજી શકે અને તેને જાળવી રાખે અને એક સફળ આદિવાસી તરીકે ગુજરતમાં નામના મેળવે.

“જય આદિવાસી”  “જય આદિવાસી  “જય જોહાર”  “જય જોહાર “